# જાન્યુઆરી–૨૦૨૫ થી માર્ચ–૨૦૨૫

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૩<br>તા.૧૭/૧૨/૨૦૨૪ | મુદ્દા નં.૧.SMC STD CARE ના કર્મચારીઓ કાઉન્સેલરને ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી ૧૦૦% પગાર કોણ ચૂકવતું હતું. મુદ્દા નં.૨. SMC STD CARE ના કાઉન્સેલરનું ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી પ્રોવીડંડ ફંડ કાપ્યું છે? અને મુદ્દા નં.૩. જો પ્રોવીડંડ ફંડ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી નથી કાપ્યુ તો તેના પાછળનું કાયદાકીય જવાબ આપો.આમ, કુલ–૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૦૮<br>તા.૨૦/૦૧/૨૦૨૫ |

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.PHD/FAP/04/2024, Dt.17/12/2024**
**આરોગ્યવિભાગ**

**અરજદાર** : શ્રી ભાર્ગવ પાડવી

**સામાવાળા** : જાહેર માહિતીઅધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ, એસ.ટી.ડી.કેર પ્રોજેકટ,સુરત મહાનગરપાલિકા

**(૧)**અરજદારશ્રીભાર્ગવ પાડવી દ્વારા તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજ અપીલ અધિકારી, આરોગ્ય અધિકારીશ્રી, બીજો માળ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી "મને કોઈ નિર્ણય મળ્યો ન હોવાથી/ જાહેર માહિતી અધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ, એસ.ટી.ડી. કેર પ્રોજેકટ, સુરત મહાનગરપાલિકા, જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ" હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના ઈનવર્ડ નં.પીએચડી/એફએપી/૦૪, તા.૧૭/૧૨/૨૦૨૪ થી નોંધાયેલ છે.

**(૨)**અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૬/૧૧/૨૦૨૪(આઈ.ડી.નં.૭૩૩)થી સરકારી માહિતી અધિકારીશ્રી, વિભાગ કચેરીને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજીજાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સાઉથ ઝોન(ઉધના), સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સા.ઝોન/ટેક/૧૧૩૦, તા.૧૨/૧૧/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ ઓફિસરશ્રી,એસ.ટી.ડી. કેર પ્રોજેકટ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી.

**(૩)**અરજદારશ્રી દ્વારા સદર નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.૧.SMC STD CARE ના કર્મચારીઓ કાઉન્સેલરને ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી ૧૦૦% પગાર કોણ ચૂકવતું હતું. મુદ્દા નં.૨. SMC STD CARE ના કાઉન્સેલરનું ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી પ્રોવીડંડ ફંડ કાપ્યું છે? અને મુદ્દા નં.૩. જો પ્રોવીડંડ ફંડ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી નથી કાપ્યુ તો તેના પાછળનું કાયદાકીય જવાબ આપો.આમ, કુલ–૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયેજાહેર માહિતીઅધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ, એસ.ટી.ડી. કેર પ્રોજેકટ દ્વારા પત્ર ક્રમાંક : STD/CARE/2022/OUT/250, તારીખઃ ૨૦/૧૧/૨૦૨૪ થીમુદ્દા નં.૧ પરત્વે "એસ.ટી.ડી. કેર પ્રોજેકટ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષ ૬ જાન્યુ.–૨૦૦૦ થી ડીસે.– ૨૦૦૭ સુધી ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી, (GSACS)અમદાવાદ અને નેશનલ એઈડસ કંટ્રોલ સોસાયટી, (NACO) નાં નાણાંકીય અને ટેકનીકલ સહયોગથી સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવતો હતો પરંતુ ડીસેમ્બર–૨૦૦૭માં સદર ગ્રાંટ બંધ થયા બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થાયી સમિતિના વખતો વખત ઠરાવથી આજ પર્યત ચાલુ છે. જ્યારે મુદ્દા નં.૨ પરત્વે "એસ.ટી.ડી. કેર પ્રોજેકટનાં કાઉનસેલરોનું ૨૦૦૭ થી ૨૦૧૬ દરમ્યાન બે વાર પ્રોવીડંડ ફંડ કપાયેલ છે. વર્ષ ૨૦૧૬માં(સપ્ટે.–૨૦૧૬ થી જાન્યુ.–૨૦૧૭) એક વખત પી.એફ. કાપવામાં આવેલ પરંતુ પાંચ માસ બાદ પી.એફ. કાપવાનું બંધ કરી સદર નાણાં પરત કરવામાં આવેલ ત્યારબાદ ફરી વર્ષ ૨૦૧૯(જુલાઈ–સપ્ટે.) ત્રણ માસ માટે પી.એફ. કાપવામાં આવેલ જે હાલ એસ.એમ.સી. ખાતે જમા છે. તેમજ મુદ્દા નં.૩ અન્વયે "સુરત મહાનગરપાલિકા દ્વારા આ બાબતે CGIT (સેન્ટ્રલ ગર્વમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ) અમદાવાદ ખાતે EPFઅપીલ (CGIT)–૨૦૨૧/૨૨ થી અપીલ કરેલ હોય, ચૂકાદો ના આવે ત્યાં સુધી નિર્ણય લઈ શકાય તેમ નથી" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૪)**અરજદારશ્રીનીઉકત નમુના 'ક' આર.ટી.આઈ.ની અરજી અન્વયેતા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરી નમુના 'ક' ની અરજી જાહેર માહિતી અધિકારીના તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી પ્રથમ અપીલ કરેલ છે.

(૫)અરજદારશ્રીનીઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસરઅત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૧૩, તા.૦૨/૦૧/૨૦૨૫ મુજબ તા.૦૯/૦૧/૨૦૨૫ના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીની કચેરી, રૂમ નં.૮૭, બીજો માળ, મહાનગરપાલિકા, મુખ્ય કચેરી મુગલીસરા, સુરત ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રીઅને જાહેર માહિતી અધિકારીશ્રી, એસ.ટી.ડી. કેર પ્રોજેકટ ઈન્ચાર્જ સદર દિને રૂબરૂ સુનાવણી અર્થેઅપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. જે મુજબ અરજદારશ્રી તરફથી''અરજીમાં જે મુદ્દા સામેલ છે એમાં ૩ મુદ્દા પર ર–સ્પષ્ટતા કરેલ છે. જેમાં પહેલો મુદ્દો અને બીજા મુદ્દા સંતોષ કારક છે પરંતુ ત્રીજા મુદ્દાનો જવાબ સંતોષ કારક મળ્યો નથી માટે ત્રીજા મુદ્દાનો કાયદાકીય સંતોષ કારક જવાબ મળે એ રજુઆત છે. મુદ્દા નં.૩ નો પ્રોવિડન્ડ ફંડ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી નથી કાપ્યુ તો તેના પાછળનો કાયદાકીય જવાબ આપો. આ ઉપરોકત મુદ્દાનો સંતોષ કારક જવાબ મળ્યો નથી'' જ્યારે જાહેર માહિતી અધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ તરફથી ''૨૦૦૭ થી ૨૦૧૬ વચ્ચે કર્મચારીઓના PF કપાત કેમ ન થયો તે બાબતે જણાવવાનું કે PF વિભાગ દ્વારા એપ્રિલ ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૮ સુધીની ગણતરી કરવામાં આવેલ હતી. એપ્રિલ ૨૦૧૩ પહેલા (૨૦૦૮ સુધી) PF કપાતની ગણતરી તેમણે પણ કરેલ નથી. જેથી ૨૦૦૮ થી ૨૦૧૩(એપ્રિલ) સુધી PF કપાત ન થયા અંગેની કોઈ માહિતી અત્રે ઉપલબ્ધ નથી. વધુમાં મુદ્દા નં.૩ બાબતે સેન્ટ્રલ ગવર્નમેન્ટ ટ્રીબ્યુનલ કોર્ટ અમદાવાદ કેસ ચાલતો હોય તેનો અંતિમ ચૂકાદો આપ્યા બાદ જ PF કપાતની કામગીરી થઈ શકે એમ છે.એમ રજુઆત કરેલ છે.''

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અનેપ્રોજેકટ ઈન્ચાર્જ, એસ.ટી. કેર પ્રોજેકટ દ્વારા કરેલ રજુઆત અનેસદર આર.ટી.આઈ. ની અરજી અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીનીતા.૦૬/૧૧/૨૦૨૪(આઈ.ડી.નં.૭૩૩) આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને એસ.ટી.ડી. કેર પ્રોજેકટ ઈન્ચાર્જ, એસ.ટી.ડી. કેર પ્રોજેકટદ્વારા તેઆના વિભાગને લાગત મુદ્દાઓની માહિતી તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજ પુરી પાડેલ હોવાનું જણાય છે. વધુમાં રૂબરૂ સુનાવણી દરમ્યાન અરદારશ્રીએ આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં. ૧ અને ૨ પરત્વે આપેલ માહિતી પત્વે સંતોષ વ્યકત કરેલ હોવાનું જણાય છે. જ્યારે મુદ્દા નં.૩ થી માંગેલ માહિતીબાબતે પ્રશ્ન સ્વરૂપે રજુઆત કરતા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી દરમ્યાન સવિસ્તાર સમજ આપવામાં આવેલ તેમજ ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી 'નીલ' હોવાનું જણાવેલ હતું.આમ, સદર અપીલ અરજી બાબતે અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું ન હોય, તે મુજબ અરજદારશ્રીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/આઉટ/
તા.    /૦૧/૨૦૨૫

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા